# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૮ તા.૨૯-૦૧-૨૦૨૨

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- તારીખ ૨૪ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ સ્કૂલ્સ ઓફ એકસેલન્સ અંતર્ગત યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં સૂચન કરાયેલ બાબતો.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,

૧. હોમ લર્નિંગ

- માઈક્રોસોફટ ટીમ્સમાં વધુ બાળકો જોડાય તેવા પ્રયત્ન કરવા. માઈક્રોસોફટ ટીમ્સ પર પાઠનું રેકોર્ડીંગ કરવું જેથી બાળકો પોતાની અનુકૂળતાએ પાઠ જોઇ શકે. તમામ શિક્ષકો દરરોજ માઈક્રોસોફટ ટીમ્સ પર જોડાય તે સુનિશ્ચિત કરવું.
- દૂરદર્શન પર આવતા પાઠનું સમયપત્રક જાહેર સ્થળે મૂકવું, વાલીઓને વારંવાર આ અંગે જાણ કરવી.
- G-Shalaનો ઉપયોગ કરવો.
- બાયસેગ પરથી ૨૪ x ૭ ધોરણ મુજબ ચેનલ આવે છે, તેનો ઉપયોગ કરવો.

૨. ત્રીજા-ચોથા ધોરણમાં અંગ્રેજીનું શિક્ષણ કાર્ય નિયમિત અને યોગ્ય રીતે થાય તે સુનિશ્ચિત કરવું, ત્રીજા અને ચોથા ધોરણના અંગ્રેજીની શિક્ષક આવૃત્તિ(Teacher Navigator)નો ઉપયોગ કરવો અને એ મુજબ જ શિક્ષણકાર્ય કરવું.

૩. શાળાઓમાં બિનઅધિકૃત સાહિત્ય(ગાઈડ, માર્ગદર્શિકા, સ્વ-અધ્યયન પોથી વગેરે)નો ઉપયોગ બંધ કરાવવો.

૪. ધોરણ ૩ થી ૮ની સ્વઅધ્યયન પોથીનો ઉપયોગ માત્ર મહાવરા અને સ્વ અધ્યયન માટે થાય તે સુનિશ્ચિત કરવું. સ્વ અધ્યયન પોથી એ પાઠય પુસ્તકનો વિકલ્પ નથી.

૫. School of Excellence અંતર્ગત આપવામાં આવનાર ત્રણેય સ્તરનાં પ્રમાણપત્ર વિષે શિક્ષકોને વધુ જાગૃત કરવા. શાળાના દરેક શિક્ષકને આ અંગે ખબર હોય તે સુનિશ્ચિત કરવું.

૬. વાલીઓનો ટેલીફોનિક સંપર્ક નિયમિત કરવો, વિદ્યાર્થીને દરરોજ સ્વ અધ્યયન કાર્ય ફોન પર સોંપવું.

૭. શાળાઓ બંધ છે ત્યારે વિદ્યાર્થીઓમાં સ્વ અધ્યયન કૌશલ્યનો વિકાસ કરવાનો પ્રયત્ન કરવો.

૮. CCC દ્વારા PAT રિપોર્ટ કાર્ડ ઓનલાઇન ઉપલબ્ધ છે આ વિષે શિક્ષકોને જાણ કરવી જેથી શિક્ષકોને જરૂરી ઉપચારાત્મક કાર્ય કરવામાં સરળતા રહે.

તા.૨૯-૦૧-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી